## એક દેશ એક રાષ્ટ્રના સંકલ્પ સાથે નવસર્જન ટ્રસ્ટ દ્વારા ધાનેરામા રેલીનું ભવ્ય સ્વાગત કરાયું




દલિત ફાઉન્ડેશન તેમજ રાજ્યના જુદા જુદા દલિત સંગઠનો દ્વારા આભડછેટ મુક્ત ભારત અંતર્ગત દલિત શક્તિ કેન્દ્ર (નાની દેવતી સાંણદ) થી ૦૧/૦૮/૨૦૨૨ થી દિલ્હી સંસદ સુધી ભવ્ય સમાનતા યાત્રાએ પ્રસ્થાન કરેલ છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે,ભીમરુદન સમાનતાના સિક્કા સહિતની યાત્રા ૬ લકજરી,૩ ટ્રક,તેમજ ૭ અન્ય વાહનો સહિત ૫૦૦ લોકોની ભવ્ય સમાનતા યાત્રા ધાનેરામાં આગમન કરેલ. યુવા ભીસેના ધાનેરા તાલુકાના પ્રમુખ અમરત ખાવડા એડવોકેટ,હિતેશ સોલંકી લલિત બોઘુ,ઈશ્વર પરમાર,અજય સોલંકી,ગોકુળ ગોહિલ તથા તમામ ભીમ સૈનિકો થાવર હેલિપેડ ખાતે એકત્ર થયેલ અને આવનાર સમાનતા યાત્રાના તમામ મહેમાનોનું તેમજ ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા તથા સમાનતાના સિક્કાનું ફુલહારથી સન્માન સ્વાગત કરવામાં આવ્યુ અને ત્યાર બાદ સમાનતા યાત્રા રાજસ્થાન થઈ દિલ્લી તરફ જય ભીમ ના નારા સાથે પ્રયાણ કર્યું. ભીમસેના ધાનેરા તાલુકાના તમામ કાર્યકરોનો યાત્રા લઈ આવનારા મહેમાનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

## લાધાપુરા દશામાના મંદિરે મહા આરતી ભક્તોએ ભેગા મળી દશામાની આરતી ઉતારી



ધાનેરા લાધાપુરા વિસ્તારમાં આવેલ દશામાના મંદિરે ભવ્ય મહા આરતી નું આયોજન કરવામાં આવ્યું હતુ.દર વર્ષની જેમ આ વર્ષે પણ ભક્તો ખૂબ જ ઉત્સાહ સાથે દશામાના પર્વની ઉજવણી કરી રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,દસ દિવસ સુધી દશામાની સ્થાપના કરી પૂજા અર્ચના કરે છે. અને તે બાદ દસમા દિવસે દશામાની મૂર્તિનું વિસર્જન કરી પુર્ણાહુતી કરે છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ ધાનેરાના લાધાપુરા વિસ્તારમાં આવેલ દશા માતાના મંદિરે ભવ્ય રાસ ગરબા નું આયોજન કરવામાં આવ્યું હતું. અને રાત્રે મહા આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું આ મહાઆરતીમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો અને લોકો ભેગા થઈ મહા આરતી ઉતારી દશામાની પૂજા અર્ચના કરી હતી.

## પોલીસ સ્ટાફ કહીં ૮ નબીરાઓએ હોટલમાં પ્રવેશ લીધો : હોટલમાં કર્યો એવો કાંડ કે પોલીસે મોડી રાત્રે કેમ દબોચી લીધા વાંચો...!!!




અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર શ્રાવણીયા જુગારની બદીને અટકાવવા સતત બાતમીદારો સક્રિય કરી સતત દોડાદોડી કરી રહી છે જીલ્લા એલસીબી પોલીસે મોડાસા બાયપાસ રોડ પર આવેલી મેરિલેન્ડ હોટેલમાં જુગાર રમતા જીલ્લાના પૈસાદાર ૮ નબીરાઓને દબોચી લેતા યુવકના મોતિયા મરી ગયા હતા શકુનીઓને ૬૧ હજારથી વધુ રોકડ રકમ સાથે દબોચી લીધા હતા જુગાર રમવા પહોંચેલા યુવકોએ પોલીસ સ્ટાફ કહીં હોટલમાં ગેરકાયદેસર રૂમ રાખી પત્તા ટિંચવા બેઠા હતા એલસીબી પોલીસે હોટલ મેનેજર સામે પ્રાપ્ત માહિતી અનુસાર,મોડાસા બાયપાસ રોડ પર આવેલી હોટલ મેરીલેન્ડમાં ૮ યુવકોએ પોલીસ સ્ટાફના માણસો છીએનો મેનેજરને દમ મારી હોટલમાં રૂમ ભાડે રાખી જુગાર રમતા હતા જીલ્લા એલસીબી પોલીસને મેરિલેન્ડ હોટલમાં ૯ શકુનિઓ જુગારની બાજી માંડી બેઠા હોવાની બાતમી મળતા હોટલમાં પહોચી જુગાર રમી રહેલા જિલ્લાના ૯ નબીરાઓને દબોચી લઈ તેમની પાસેથી રૂ.૬૧૨૦૦/- જપ્ત કરી ૧૧ મોબાઈલ, કાર, બે મોપેડ સહીત રૂ.૪.૮૬ લાખથી વધુનો મુદામાલ જપ્ત કરી જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. **શકુનિઓ કોણ કોણ વાંચો નામ :** ૧) વિજય જશવંતલાલ સુથાર (રહે, જીતપુર(મરડીયા) મોડાસા) ૨) રાજદીપસિંહ કરણસિંહ રાઠોડ (રહે,માલજીના પહાડીયા-માલપુર) ૩) ચિરાગ સુભાષચંદ્ર ભટ્ટ (રહે,અયોધ્યાપુરી સોસાયટી,મૂળ રહે,પુંજાપુર) ૪) જીજ્ઞેશ મહેશ પ્રજાપતિ (રહે,સ્વાગત સોસાયટી, મૂળ રહે, કુડોલ) ૫) જૈમિન પ્રકાશ રામી (ઋષિકેશ સોસાયટી, મોડાસા) ૬) શૈલેશ ગોવિંદ પરમાર (રબારી વાસ,મૂળ રહે,ઢૂંઢિયાવાડી પાલનપુર) ૭) જયંતી મેવા લુહાર (મહેતાવાડા-માલપુર) ૮) જીગર નવીન પટેલ (દેવ ટેર્નામેન્ટ, મોડાસા) ૯) જયંતિ કાલુલાલજી પટેલ (રહે,બનોડા-રાજસ્થાન)

## ઉત્તર ગુજરાતમાં ૧૨,૦૦૦ હેક્ટર જમીનમાં ડાંગરના પાકનું વાવેતર

આ વર્ષે એકંદરે સારા ચોમાસાથી ઑગષ્ટના પ્રથમ સપ્તાહ સુધીમાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૧૨,૨૦૭ હેક્ટર જમીનમાં ડાંગરના પાકનું વાવેતર થયું છે. અત્યારે અનેક વિસ્તારોમાં ડાંગરનું ધરુ રોપવાની કામગીરીથી ખેતરો જીવંત જણાઈ રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સારો વરસાદ હોય તો ડાંગરના સારા પાકની આશા રાખવામાં આવે છે. જુલાઈ મહિનામાં સારા વરસાદ પછી ડાંગરના વાવેતરમાં ઉછાળો આવ્યો છે. ઉત્તર ગુજરાતના અરવલ્લી, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં ડાંગરનું વાવેતર થતું હોય છે. જ્યારે બનાસકાંઠા, પાટણમાં હજુ સુધી ડાંગરની વાવણી થઈ નથી. વરસાદ પછી ખેતરો બેટમાં ફેરવાઈ જાય તેવી સ્થિતિમાં ખેડૂતો ડાંગરનું ધરુ રોપતા હોય છે.

| ઉત્તર ગુજરાતમાં ડાંગરનું વાવેતર.. | જિલ્લો વાવેતર (હેક્ટર) |
|---|---|
| અરવલ્લી | ૨૪ |
| મહેસાણા | ૪૯૯૩ |
| સાબરકાંઠા | ૪૦ |

# અંધેર વહીવટ : બાયડ નગરપાલિકામાંથી અનેક અરજદારોના પ્રધાનમંત્રી આવાસના ફોર્મ ગુમ

### સંગઠન પ્રમુખમાં હિંમત હોય તો જાણકારી મેળવે, શું ફોર્મ પણ સાચવી શકાતા નથી ?

ગાંધીનગર, તા.૦૫

બાયડ નગર પાલિકામાંથી અનેક અરજદારોના પ્રધાનમંત્રી આવાસના ફોર્મ ગુમ થયાનો મામલો સામે આવતાં હલચલ મચી ગઈ છે. અરજદારોના ફોર્મ નહીં સાચવી શકતી પાલિકામાં કેવો વહીવટ ચાલતો હશે..?? તેનો ગણગણાટ છેલ્લા ૩ દિવસથી શરૂ થયો છે. અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ આ મામલે કોઈ પૂછપરછ કરી શકશે ખરા..??

વિધાનસભાની ચૂંટણીઓ નજીકમાં છે ત્યારે સરકાર દ્વારા દરેક વિકાસના કામો ઝડપથી પૂરા કરવા, લાભાર્થીઓને તેમના યોજનાકીય લાભ ઝડપથી મળે તેવી સૂચનાઓ પણ આપવામાં આવી છે. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. ચૌધરી(આંજણા) દ્વારા પણ અનેક મંડલોમાં યોજાતી બેઠકોમાં છેવાડાના માનવી સુધી પહોંચી જરૂરીયાતમંદોને યોજનાકીય લાભો મળે તે માટે ખાસ વિસ્તૃતથી ચર્ચા કરતા હોય છે. પરંતુ બાયડ પાલિકાના વહીવટમાં ખાટલે ખોડ જેવી સ્થિતિ સામે આવી રહી છે. બાયડ નગરપાલિકામાં અસંખ્ય અરજદારોના પ્રધાનમંત્રી આવાસના ફોર્મ ગુમ થઈ ગયાની વિગતો પ્રકાશમાં આવી છે. બાયડ નગરપાલિકા વોર્ડ નં.૧ ના એક અરજદારે જણાવ્યું કે દોઢ વર્ષમાં મેં પ્રધાનમંત્રી આવાસની યોજના માટે બે વખત ફોર્મ ભર્યા પરંતુ પાલિકામાં જઈ તપાસ કરતાં ફોર્મ અંગેનો કોઈ રેકર્ડ જ ન હોવાનું જાણવા મળ્યું છે. એક તરફ દેશના વડાપ્રધાન દરેક જરૂરીયાતમંદને પોતાના સ્વપ્નાનું ઘર મળી રહે તે માટે પ્રધાન મંત્રી આવાસ યોજનાનો લાભ લેવા હાકલ કરી છે. ત્યારે બાયડમાં ભાજપના શાસનમાં નવા આવાસ મંજૂર થવાની બાબત તો દૂર રહી પરંતુ જૂના આવાસ જે મંજૂર થયા હતા તેના હપ્તા પણ લાભાર્થીઓના બેન્ક ખાતામાં જમા થતા નથી તેવી ફરિયાદ વચ્ચે બાયડ નગરપાલિકા પ્રમુખના વોર્ડમાંથી જ અરજદારોના ફોર્મ ગુમ થઈ ગયાની વિગતો સામે આવતાં પાલિકામાં ખાડે જતા વહીવટ સામે રોષ જોવા મળ્યો છે. જિલ્લા સંગઠન પ્રમુખે બાયડ પાલિકા વિસ્તારમાં ભાજપના સંનિષ્ઠ કાર્યકરોનો અવાજ દબાવી દેવાનો પ્રયાસ તો કર્યો છે પરંતુ પાલિકામાં ચાલતા વહીવટથી પ્રજામાં કેટલી નારાજગી છે તે તસ્દી લીધી છે ખરી..??

### રાજ્યમાં સ્વાઈનફ્લુનો પગપેસારો

# જિલ્લાનું આરોગ્ય તંત્ર સતર્ક બન્યું, બિમાર દર્દીઓ ઉપર નિગરાની

### હિંમતનગર સિવિલમાં ૧ વોર્ડ સહિત જરુરી સુવિધા ઉભી કરાઈ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૫

રાજ્યમાં સ્વાઈન ફલુના કેસ સતત વધી રહ્યા છે. ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ આરોગ્ય તંત્ર અત્યારથી સતર્ક બન્યું છે અને અન્ય બિમાર દર્દીઓ ઉપર પણ નિગરાની રાખવામાં આવી રહી છે. રાજ્યના અનેક વિસ્તારોમાં સ્વાઈન ફલુના કેસ નોંધાયા પછી હિંમતનગર સિવિલમાં પણ સ્વાઈનફૂલના દર્દીઓ માટે જરૂરી સુવિધાઓ ઉભી કર્યાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર જન્માષ્ટમીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે રાજ્યમાં ફરી એકવાર કોરોના પછી સ્વાઈનફ્લુના રોગચાળાએ ઉથલો માર્યા જેવી સ્થિતિ સામે આવી છે. સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના કેસમાં સતત વધારો થતાં ચોથી લહેર શરુ થયાની આશંકા છે જો કે કોરોના પોઝિટિવ રિપોર્ટ પછી પણ મોટાભાગના દર્દીઓની હાલત સ્થિર હોવાથી અત્યારે કોઈ ચિંતાનું કારણ નથી પરંતુ સ્વાઈનફૂલના સંભવિત રોગચાળાને પહોંચી વળવા માટે પણ તંત્ર સજ્જ થયું છે. હિંમતનગર સિવિલમાં સ્વાઈનફ્લુના શંકાસ્પદ દર્દી મળી આવે તો તેમના માટે જરૂરી સારવારની સુવિધા ઉભી કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય તંત્ર પણ રાજ્યમાં ચિંતાજનક રીતે વધતા સ્વાઈનફ્લુના કેસના કારણે સતર્ક છે અને આવા દર્દી માટે પણ યોગ્ય સુવિધા જિલ્લા કક્ષાએ ઉપલબ્ધ કર્યાનું જાણવા મળ્યું છે.

સિવિલમાં ૧ વોર્ડ અને ટેમીફલુનો જથ્થો ઉપલબ્ધ કરાયો.

આર.એમ.ઓ., ડૉ.એન.એમ.શાહે જણાવ્યું કે સરકારે આપેલ સૂચના અનુસાર સિવિલ હોસ્પિટલમાં અલગથી સ્વાઈનફ્લુના દર્દીઓ માટે ૧ વોર્ડ તૈયાર રાખવામાં આવ્યો છે અને શંકાસ્પદ જણાતા કેસની એ.બી.સી. પ્રમાણે કેટેગરી નક્કી કરી સી.ગ્રેડમાં આવતા દર્દીના ટેસ્ટીંગ કરી જરૂર પડશે તો આઈસોલેશન વોર્ડમાં દાખલ કરાશે અને આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી ટેમીફૂલનો જથ્થો પણ ઉપલબ્ધ રાખવાની સૂચના આપી છે.

# જિલ્લામાં લમ્પી વાયરસના વધતા કહેર વચ્ચે દૈનિક ૧૦ હજાર લીટર દૂધ ઉત્પાદનમાં વધારો

### સાબરકાંઠામાં ૧૮ પશુ લમ્પી વાયરસની ઝપેટમાં

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૫

જિલ્લામાં પશુઓમાં લમ્પી વાયરસના કેસ વધતાં ચિંતા વધી છે. લમ્પીના વધતા કહેરથી દૂધ ઉત્પાદનમાં ફટકો પડવાની દહેશત છે પરંતુ સાબરડેરીમાં



દૂધની આવકમાં ઘટાડો થવાના બદલે સરેરાશ ૧૦ થી ૧૩ હજાર લીટર આવકમાં વધારો થઈ રહ્યો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યમાં કોરોનાના કહેરની જેમ હવે પશુઓમાં લમ્પી વાયરસનો કહેર વધતાં મૃત્યુદર અનેક જિલ્લાઓમાં વધી રહ્યો છે. સાબરકાંઠા, અરવલ્લીમાં પણ પાછલા એક પખવાડીયામાં કુલ-૩૦ થી વધુ લમ્પીના કેસ બહાર આવ્યા પછી ચેપગ્રસ્ત પશુઓને સારવાર આપવામાં આવી છે. લમ્પીના કારણે એકપણ પશુનું મોત નિપજ્યું ન હોવાનું જિલ્લા પશુપાલન વિભાગે જણાવ્યું છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત ઝોનમાં લમ્પીનો કહેર ફરી વળ્યા છે જેથી કેટલાક જિલ્લાઓમાં દૂધ ઉત્પાદન ઘટી રહ્યું છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પશુઓમાં લમ્પીના લક્ષણો જણાતાં પશુપાલન વિભાગ અને સાબરડેરીએ સતર્કતા દાખવતાં અત્યારે તો એકંદરે લમ્પીના કેસ ઉપર અંકુશ હોવાનું ચિત્ર સામે આવ્યું છે પરંતુ આવનારા દિવસોમાં લમ્પીનો કહેર હાહાકાર મચાવે તેવી દહેશત છે. સાબરડેરીના એમ.પી.ઓ. વિભાગના જણાવ્યા અનુસાર લમ્પીના કેસ નોંધાયા છે પરંતુ દૂધની આવકમાં કોઈ ઘટાડો નોંધાયો નથી.

**જિલ્લામાં દૂધની આવક વધી..**

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં લમ્પીના કેસ બહાર આવ્યા પછી દૂધ ઉત્પાદન ઘટશે તેવી આશંકા હતી પરંતુ સાબરડેરી દ્વારા દૂધની આવકના જે આંકડા આપ્યા તેના ઉપરથી દૂધની આવક ઘટી નથી પરંતુ વધી છે.

| તારીખ | દૂધની આવક(લીટર) | તારીખ | દૂધની આવક (લીટર) |
|---|---|---|---|
| ૧ ઑગષ્ટ | ૨૫,૪૪,૦૦૦ | ૧ જુલાઈ | ૨૫,૩૨,૦૦૦ |
| ૨ ઑગષ્ટ | ૨૫,૫૪,૦૦૦ | ૨ જુલાઈ | ૨૫,૪૩, ૦૦૦ |

**જિલ્લામાં લમ્પી વાયરસ દેખાતાં રસીકરણ**

| તાલુકા | પશુ સંખ્યા |
|---|---|
| બાયડ | ૭૦૦ |
| માલપર | ૧૪૫ |
| મેઘરજ | ૯૦૦ |
| મોડાસા | ૧૭ |
| ઈડર | ૩૧૨૫ |
| પ્રાંતિજ | ૫૬૪ |

**બાયડમાં દર મહિને પરપ્રાંતમાંથી આવતાં ૨૦૦ પશુ**

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પશુઓમાં લમ્પી વાયરસનું સંક્રમણ સતત વધી રહ્યું છે. ચેપગ્રસ્ત વાયરસનો ભોગ બનેલા પશુઓના સંપર્કમાં આવવાથી અન્ય પશુઓ પણ સંક્રમિત થવાની દહેશત રહેલી છે ત્યારે હવે લમ્પીના જોખમને જોતાં જિલ્લામાં આગામી સમયમાં પશુઓની હેરફેર ઉપર રોક લાગવાની સંભાવના જણાઈ રહી છે. માત્ર બાયડમાં જ દર મહિને પંજાબ-હરિયાણાથી ૨૦૦ થી વધુ પશુ વેચાણ માટે લાવવામાં આવી રહ્યાં છે.

### બનાસકાંઠા જિલ્લામાં લમ્પી કહેર યથાવત વધુ ૨૦ ગાયોના મોત, કુલ ૯૯

# નવા ૧૨ ગામોમાં સંક્રમણ, કુલ ૩૦૦ ગામના ૩૯૭૯ પશુઓમાં વાયરસ, ગુરુવારે ૧.૭૦ લાખ કુલ ૬.૬૦ લાખ પશુઓનું રસીકરણ

પાલનપુર તા. ૫

ગાયોમાં વકરી રહેલા લમ્પી વાઈરસમાં રોજે રોજ પશુઓના મોતના આંકડા ચિંતાજનક હદે વધી રહ્યા છે ગુરુવારે વધુ ૨૦ પશુના મોત પશુપાલન વિભાગે જાહેર કર્યા છે સરકારી ચોપડે હજુ માત્ર ૯૯ પશુના મોત દર્શાવાયા છે. જિલ્લામાં વધુ ૧૨ ગામોમાં નવા ૪૫૮ પશુ નોંધાયા હતા.જેમાં ડીસામાં ૧૪,કાંકરેજમાં ૧૮, વાવમાં ૧૨૨, થરાદ માં ૮૧,ભાભરમાં ૭૨,દિયોદર ૪૫,



ધાનેરા ૫૭, સુઈગામ ૩૯ અને લાખણીમાં ૧૦ કેસ મળી જિલ્લામાં વધુ ૪૫૮ પશુ લમ્પી ડીસિસમાં સપડાતા કુલ કેસ ૩૯૭૯ નોંધાયા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, તેમજ લંપીની અસર વાળા વાવમાં ૦૨,થરાદમાં ૦૫,દિયોદરમાં ૦૫,ધાનેરામાં ૦૭ અને સુઈગામમાં ૦૧ મળી વધુ ૨૦ પશુના મોત થયા હોવાનું પશુપાલન અધિકારી ડો. મજીઠીયા એ જણાવ્યું હતું.

## ‘કોમન સિવિલ કોડ ટુ જનસંખ્યા નિયંત્રણ વાયા POK’

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૫

વર્ષ ૨૦૧૪ પહેલાં ભારતીયોમાં એવી એક ઈમેજ હતી કે અમેરિકા, રશિયા, ચીન દુનિયાના શક્તિશાળી દેશો છે અને તેનાથી બીક રાખવી!! આ માનસિકતા એટલે ભારતની જનતામાં ઘર કરી ગઈ હતી કે તે સરકારની માનસિકતા હતી... સંસ્કૃત શાસ્ત્રોમાં વિધાન છે કે..."જેવો રાજા તેવી પ્રજા!!" ખોટી લોકશાહીની ખોટી વ્યાખ્યા પ્રમાણે આપણા મગજમાં એવું ઘુસી ગયુ છે કે- "જેવી પ્રજા તેવા રાજા!!" આ વિધાન સર્વથા ખોટું છે.... જો એ વિધાન ખોટું ના હોત તો ૨૦૧૪ પછી એની એ જ પ્રજામાં કેવી રીતે ભારત માટે રાતોરાત વિશ્વાસ આવી ગયો કે ભારત પણ શક્તિશાળી રાષ્ટ્ર છે!! ૨૦૧૪ પછી ભારતની સાથે સાથે સમગ્ર વિશ્વની પ્રજા આજે માનવા લાગી ગઈ કે ભારત જોડે પંગો લેવો શક્ય નથી. અને એવુ એટલે શક્ય બન્યું કે ૨૦૧૪ પછી પહેલીવાર આઝાદ ભારતમાં શક્તિશાળી રાજા ગાદી ઉપર બિરાજમાન થયેલ છે!!

૩૭૦ કાનૂનને અડકી ના શકાય, રામ મંદિર મુદ્દો છેડાય નહિ, તીન તલાક મુદ્દો આગને અડકવા જેવું છે.... વગેરે વગેરે માન્યતા કોંગ્રેસ શાસનમાં હતી. સાચું કહું તો જનતાને ડરાવીને રાખવાનું કામ વીતેલા દિવસોમાં થયું હતું!! આપણે તો નાના છીએ... ચકલી, કબૂતર જેવા છીએ અને અમેરિકા, રશિયા, ચીન તો ગીધ, સમડી, કાગડા જેવા છીએ આવા લઘુતાગ્રંથિના પાઠ સતત ૬૦ વર્ષથી ભારત ભણતું આવ્યું અને એટલે જ સોમાલિયા જેવા આફ્રિકન દેશોને છાજે તેવી "રોટી,કપડા ઔર મકાન" ની આસપાસ ભારતની સરકાર ફરતી રહી!! સારી વાત છે પણ નબળી માનસિકતાને લીધે સરકાર રોટી, કપડાં અને મકાન પણ પ્રજાને ના આપી શકી તે ભારતનું ૨૦૧૪ નું વાસ્તવિક ચિત્ર હતું!! ભારત એ અમેરિકા, રશિયા કે ચીનની માફક ગીધ, સમડી કે કાગડો નહિ પણ "ગરુડ" છે એ મોદીજીએ કરી બતાવ્યું છે. ભારત વિશ્વમાં ડંકો વગાડી શકે છે તો ચંદ્ર કે મંગળ ગ્રહ ઉપર જઈને પણ ગરજી શકે છે તે માનસિકતા સિર્ફ મોદીજીને આભારી જ છે....

**POK** ભારતનું છે અને તે જરૂર લઈશું એના માટે કોઈ સ્પેશિયલ ટ્રેન દોડાવવાની જરૂર નથી... કોમન સિવિલ કોડથી ભારતની ગાડી જનસંખ્યા નિયંત્રણ સ્ટેશન રવાના થવાની તૈયારી છે અને તેનો રોડમેપ પણ તૈયાર થઈ રહ્યો છે અને આ ગાડી બેશક વાયા **POK** થઈને જ જવાની છે!! આ બાબર કે હુમાયૂનું ભારત નથી આ રાજા વીર વિક્રમનું ભવ્ય ભારત છે જેમણે હિન્દૂ કેલેન્ડર કે પંચાંગ વિશ્વને આપ્યું હતું... આ આર્યભટ્ટનું ભારત છે જેને ગણિતની શરૂઆત કરતા શીખવાડ્યું હતું.... આ ભારદ્વાજ ઋષિનું ભારત છે જેમણે સૌથી પહેલા વિમાન ઉડાડવાની ટેકનોલોજી આપી હતી... ‘કદાચ ગોરાઓને ખબર ના હોય પણ ભારતના હિન્દુઓને તો ખબર હોવી જ જોઈએ કે વિશ્વ આખાયમાં પહેલું વિમાન ભારતમાં "પુષ્પક" નામથી કુબેર નામની વ્યક્તિ જોડે હતું!!’ આ ભારતની વાહ વાહ જ નથી પણ ભારતની સાચી તાકાત આપ સૌને બતાવી રહ્યો છું!!

મોદીજી મને એટલા માટે ગમે છે કે તેમણે ભારતનો ઈતિહાસ અને ભૂગોળ બરાબર પચાવ્યું છે!! મોદીજીએ મને કંઈ આપી નથી દીધું છતાંય તેઓ ગમવાનું કારણ એટલુંજ કે મોદીજીની માનસિકતામાં "ગુરુતા" છે જ્યારે કોંગ્રેસે મારુ કંઈ જ બગાડ્યું નથી છતાંય ના ગમવાનું એક માત્ર કારણ તેમના વિચારોમાં મને થર્ડ અમ્પાયરની નજરે "લઘુતા" દેખાઈ રહી છે... પાકિસ્તાનને ખરાબ લાગશે તો અને ચીન જોડે દુષમનાવટ થઈ જશે તો કે પછી અમેરિકા નારાજ થઈ જશે તો આપણું શુ થશે?? આ ડર અને નબળી માનસિકતામાં ભારતે આઝાદી પછીના મહત્વપૂર્ણ ૬૦ વર્ષ વેડફી નાખ્યા અને પરિણામ એ આવ્યું કે ભારતમાં બેકારી, ભ્રષ્ટાચાર, આતંકી પ્રવૃત્તિ ખબર ના પડતા વધતી ગઈ... આજે સરકારની માનસિકતા બદલી તો આવા રોગો દૂર થવા લાગ્યા અને એક મજબૂત ભારત નવનિર્મિત થવા જઈ રહ્યું છે તેની સૌ ભારતીયોને આઝાદીના સ્વર્ણિમ મહોત્સવ નિમિતે ખુબખુબ શુભેચ્છાઓ...

### અડધા બનાસકાંઠામાં શ્રીકાર વરસાદ

## વડગામ અઢી ઈંચ, પાલનપુરમાં પોણા બે ઈંચ, ડીસા - કાંકરેજ દોઢ ઈંચ, અમીરગઢ દાંતીવાડા અડધો ઈંચ વરસાદ..!

### પાલનપુરમાં હાઇવે પર ફરી પાણી ભરાયા



પાલનપુર તા.૫

અડધા બનાસકાંઠા જિલ્લામાં ભારે ઉકળાટ અને બફારા બાદ ધોધમાર વરસાદ થતા લોકોમાં ખુશી છવાઈ હતી. વડગામમાં અઢી ઈંચ, પાલનપુરમાં પોણા બે ઈંચ, ડીસા - કાંકરેજ દોઢ ઈંચ, અમીરગઢ દાંતીવાડા અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર શહેરમાં ભારે ઉકળાટ બાદ વરસાદ પડતા સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,વરસાદ શરૂ થતા શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. પાલનપુર સુર મંદિર સામે નેશનલ હાઈવે ઉપર પાણી ભરાતા વાહન ચાલકોમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પોણા બે ઈંચ વરસાદમાં પાલનપુરમાં ફરી નેશનલ હાઈવે ઉપર પાણી ભરાયાં હતા. અહીં સાઈબાબા મંદિર પાસે તેમજ બિહારી બાગ થી ગાયત્રી મંદિર વચ્ચેના ભાગમાં વરસાદી પાણી ભરાઈ જતા મુશ્કેલી સર્જાઈ હતી. નેશનલ હાઈવે ઓથોરિટીના સૂત્રોએ જણાવ્યું હતું કે " સાઈબાબા મંદિર પાસે મલાણા પાટીયા પાણી ભરાતા વાહનો ડાયવર્ટ કરવામાં આવ્યા હતા." ગઠામણ પાટિયા હાઈવે પર પણ વરસાદી ઢીંચણ સમા પાણી ભરાઈ જતા રાહદારીઓ અને વાહનચાલકોને ભારે મુશ્કેલી વેઠવી પડી હતી. કેટલાક વાહનો વરસાદી પાણીમાં ફસાઈ જવાના કારણે બંધ પણ થઈ જતા વાહન ચાલકો વાહનોને ધક્કા મારી પાણીમાંથી બહાર નીકળવા મજબૂર બન્યા હતા. ડીસા પંથકમાં ત્રણ દિવસના વિરામ બાદ ધોધમાર વરસાદ ડીસામાં ગુરૂવારે ત્રણ દિવસના વિરામ બાદ ફરી ધોધમાર વરસાદ ખાબક્યો હતો.સતત અડધો કલાક સુધી ભારે વરસાદ થતાં વાતાવરણ માં ઠંડક પ્રસરી ગઈ હતી. જ્યારે નીચાંણવાળા વિસ્તારો માં પાણી ભરાઈ ગયા હતા. શહેરના માર્ગો પર વરસાદના કારણે પાણી પાણી થઈ ગયા હતા. ફરી વરસાદી વાતાવરણ બનતા અને ધોધમાર વરસાદ થતાં ખેતી પાકને ફાયદો થવાની આશાએ ખેડૂતોમાં ખુશખુશાલ થયા હતા. ડીસામાં અત્યાર સુધી ચોમાસાની સિઝનનો કુલ ૫૫ ટકા વરસાદ નોંધાયો છે જ્યારે જિલ્લામાં ૬૩% વરસાદ થયો છે. શિહોરી વિસ્તાર માં મુસળધાર વરસાદ પડતા ઠંડક પ્રસરી શિહોરીમાં ઘણા દિવસોથી ગરમી અને બફારાથી લોકો ત્રાહિમામ થઈ ગયા હતા પરંતુ અતિ બફારા બાદ શિહોરી કાંકરેજ વિસ્તાર માં બપોરે ઘોધમાર વરસાદ પડતા બફારાથી છુટકારો મળ્યો હતો.પાંથાવાડા નજીક આકોલી ગામ પાસે સીપુ નદીમાં નવા નીર આવ્યાપાંથાવાડા નજીક આવેલા જાત, રાજકોટ,ગોગુવાડા,ભીલડા ,આકોલી ,ભાડલી આજુબાજુના વિસ્તાર ગામોમાં તેમજ રાજસ્થાનના ગામડાઓમાં સારો વરસાદ પડ્યો હતો. ભીલડા નજીક સીપુ નદી ખળખળ વહેતી થઈ હતી. સીપુ નદીમાં નવા નીર આવતા આજુબાજુના લોકો વહેલી સવારથી જોવા ઉમટી પડ્યા હતા. ભીલડાથી સીપુ નદીમાં જાત પુલ સુધી પાણી આવ્યું હતું.